

ઉજાસ

પ્રવેશિકા, ભાગ 4





નવભારત સાક્ષરતા કાર્યક્રમ
સાક્ષર બની રહયો છું,
ઘણું બધું શીખી ગયો છું.
ડિઝીટલ પેમેન્ટનો ફાયદો,
હું પણ સમજી ગયો છું.
Paytm
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર


નવભારત સાક્ષરતા કાર્યક્રમ
વાચતાં—લખતાં શીખીશ, શીખીશ હું
કમ્પ્યૂટર; ડિજિટલ સાક્ષરતા મેળવીને
બનીશ હું આત્મનિર્ભર.
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ઉજાસ

પ્રવેશિકા

ભાગ 4



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
Gujarat Council of Educational Research and Training, Gandhinagar

આમુખ

નમસ્કાર મિત્રો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં થયેલી ભલામણોના યથાર્થ અમલીકરણ માટે ભારત સરકાર દ્વારા ૧ એપ્રિલ, ૨૦૨૨ થી નવભારત સાક્ષરતા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં Education for Allનાં તમામ પાસાં આવરી લેવામાં આવ્યાં છે. આ યોજનાનો હેતુ માત્ર સાક્ષરતાનો નથી, પરંતુ ૨૧મી સદીના નાગરિકો માટે નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, વ્યાપારિક કૌશલ્યો, આરોગ્ય સંભાળ, બાળસંભાળ અંગેનું શિક્ષણ અને કુટુંબ કલ્યાણ સહિતનાં મૂળભૂત જીવન કૌશલ્યોનો સમાવેશ કરવાનો છે. સ્થાનિક કક્ષાએ રોજગાર મળી રહે તે માટે વ્યાવસાયિક કૌશલ્ય વિકાસ, પ્રાથમિક–માધ્યમિક સ્તરે મૂળભૂત શિક્ષણ તથા કલા–વિજ્ઞાન–ટેકનોલોજી, સાંસ્કૃતિક અને મનોરંજનના પરિપ્રેક્ષ્યમાં સતત શિક્ષણ સહિતના વિષયો દ્વારા વ્યક્તિગત વિકાસ તેમજ શ્રેષ્ઠ નાગરિક ઘડતરના ઉદ્દેશ્ય રહેલા છે.

નવભારત સાક્ષરતા કાર્યક્રમના દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 2011ની વસતિ ગણતરી મુજબ દેશમાં 15 વર્ષ કે તેથી વધુ વયજૂથમાં બિનસાક્ષરોની કુલ સંખ્યા 25.76 કરોડ (પુરુષ 9.08 કરોડ, મહિલા 16.68 કરોડ) છે. 2009–10 થી 2017–18 દરમિયાન સાક્ષર ભારત કાર્યક્રમ હેઠળ સાક્ષર તરીકે પ્રમાણિત 7.64 કરોડ વ્યક્તિઓની પ્રગતિને ધ્યાનમાં રાખીને એવો અંદાજ છે કે હાલમાં ભારતમાં લગભગ 18.12 કરોડ પુખ્ત લોકો હજુ પણ બિનસાક્ષર છે. NEP-2020 અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 100% સાક્ષરતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નિર્ધારિત થયેલું અને તે માટે NCERT ખાતે રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, GCERT ખાતે રાજય સાક્ષરતા કેન્દ્ર અને DIET ખાતે જિલ્લા સાક્ષરતા કેન્દ્ર સ્થાપવાની ભલામણ થયેલી છે.

સાક્ષરતા એક વિશાળ સંકલ્પના છે, માત્ર વાંચન–લેખન–ગણન પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં વિવિધ વિષયોની દૃશ્ય–શ્રાવ્ય અને ડિજિટલ સામગ્રીઓનો ઉપયોગ કરવાની, ઓળખવાની ક્ષમતા પણ અપેક્ષિત છે.

NEP–2020ના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત બિનસાક્ષર શિક્ષણાર્થીઓ માટે ઉજાસ પ્રવેશિકા (ભાગ ૧ થી ૪)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રવેશિકા ભાષા અને ગણિત બન્ને વિષયને સંકલિત કરીને બનાવવામાં આવી છે. ભાષાકીય સાક્ષરતાના સંવર્ધન માટે રોજબરોજના વ્યવહારમાં ઉપયોગી મુદ્દાઓને અર્થપૂર્ણ સામગ્રીમાં ઢાળીને ૧૩ મુદ્દાઓમાં આ પ્રવેશિકાને રચવામાં આવી છે. આ મુદ્દાઓમાં પરિવાર અને પડોશ, વાતચીત, આપણી આસપાસ, ખાણી–પીણી અને આરોગ્ય,

મતદાન, કાયદાકીય જાણકારી, આપત્તિ વ્યવસ્થાપન, સમય, પ્રવાસ, મનોરંજન, નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવેશિકાનો ઉપયોગ શિક્ષકો/સહયોગી દ્વારા કરવામાં આવશે તેમજ તેના આધારે શિક્ષાર્થીઓને શીખવામાં મદદ મળશે. આ માર્ગદર્શિકામાં માત્ર વાંચન–લેખન–ગણન જ નહીં, પરંતુ વિશાળ પરિપ્રેક્ષ્યમાં શીખવા–શીખવવાની પ્રક્રિયા વિશે વિશદ ચર્ચા કરવામાં આવી છે.

આ પ્રવેશિકાના અમલીકરણ દરમિયાન શિક્ષાર્થીના સ્થાનિક પરિવેશ અને અનુભવ જગતનો ઉપયોગ સ્વયંસેવી/શિક્ષકો કરશે તો શિક્ષાર્થીઓ સરળતાથી શીખી શકશે એવો અનુભવ છે. શિક્ષાર્થીના અનુભવ જગતમાંથી વાર્તા કે સંવાદ કરતાં કરતાં શીખવવાથી તેઓ ઝડપથી, રસપૂર્વક, કંટાળા વગર અને આનંદથી શીખી શકશે.

ઉજાસ પ્રવેશિકામાં સામેલ વિષયવસ્તુને તેમજ વિભાવનાઓને શિક્ષાર્થી તેમજ સ્વયંસેવી/શિક્ષકો માટે મોડ્યુલ કે વીડિયો આધારિત બનાવવામાં આવી છે. આ તમામ સાહિત્ય DIKSHA પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે. જેની મદદથી શિક્ષાર્થીઓને શીખવા–શીખવવામાં મદદ મળશે.

રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના માર્ગદર્શન હેઠળ જી.સી.ઈ.આર.ટી.ના રાજ્ય સાક્ષરતા કેન્દ્ર દ્વારા આ પ્રવેશિકા ગુજરાત રાજયના શિક્ષાર્થીઓ સમક્ષ તૈયાર કરી મૂકવામાં આવી છે. આ તબક્કે આ કાર્યમાં સહયોગ આપનાર તમામનો હું આભાર વ્યકત કરું છું.

મે, ૨૦૨૩

ડી. એસ. પટેલ

અધ્યક્ષ

રાજય સાક્ષરતા કેન્દ્ર, ગાંધીનગર, ગુજરાત

અને

નિયામક

જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સૌ માટે શિક્ષણ(Education for All)નો એક મહત્ત્વનો ભાગ છે. જેનો ઉદ્દેશ ૧૫ કે તેથી વધુ ઉંમરના એવા શિક્ષાર્થીઓને સાક્ષર બનાવવાના છે કે જેઓ શિક્ષિત તો છે જ પરંતુ તેઓની પાસે અક્ષરજ્ઞાન નથી અથવા તો તેઓ બિનસાક્ષર છે. *નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ* અંતર્ગત વાચન–લેખન તથા સંખ્યાજ્ઞાનનાં કૌશલ્યોને એવા શિક્ષાર્થીઓ સુધી લઈ જવાનાં છે કે જેઓ કોઈ કારણથી શાલેય શિક્ષણ મેળવી શક્યા નથી અથવા તે ચાલુ રાખી શક્યા નથી. આથી સંભવ છે કે સામાજિક ચેતના કેન્દ્રના અથવા તમારા સંપર્કના બિનસાક્ષર શિક્ષાર્થી વાચન–લેખનની પ્રક્રિયામાં જુદીજુદી કક્ષાએ હોય.

આપણે એ વાત યાદ રાખીશું કે આપણા શીખનારાઓ સમજદાર છે અને તેઓ પાસે દૈનિક જીવનના અનુભવો છે જેના ઉપયોગ દ્વારા તેઓ તેમના જીવનમાં વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરે છે અને જે–તે પરિસ્થિતિમાં અનુકૂળ થવાની કુશળતા પણ ધરાવે છે. આમાંથી મોટાભાગના લોકો કોઈને કોઈ કામગીરી અર્થે ઘરમાં કે ઘરની બહાર જવાબદારી નિભાવતા હોય તેવું સંભવ છે. આપણો ઉદ્દેશ એ છે કે સાક્ષરતાના માધ્યમથી તેઓની વાચન–લેખન અને ગણનની સમજમાં અભિવૃદ્ધિ થાય અને તેમનું રોજિંદુ જીવન વધુ સરળ બને. જેથી તેઓ પોતાના અનુભવ અને સમજ (ક્ષમતા)ને વધારે સઘન તેમજ વિસ્તૃત કરી શકે. આમ કરવાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થશે તેવી આશા છે.

સ્વયંસેવી શિક્ષક તરીકે આપણા માટે એ જાણવું જરૂરી છે કે –

- સાક્ષર બનાવવા માટે આપણે જે શિક્ષાર્થીઓની મદદ કરવાના છીએ તે ૧૫ વર્ષ કે તેથી વધારે ઉંમરના છે. એવું પણ બની શકે કે તેમની પાસે અનુભવનો વધુ ભંડાર હોય. તેમના અનુભવનું સન્માન કરવું અપેક્ષિત છે. તેઓ તેમનાં રોજિંદાં કાર્યો સારી રીતે કરી શકે છે. તેમની કાર્યદક્ષતાની પ્રશંસા કરવી અપેક્ષિત છે.
- તેઓ ત્યારે જ શીખશે કે જ્યારે તેઓને શીખવું ઉપયોગી લાગશે. શિક્ષાર્થીઓને પૂરતી તૈયારીથી શીખવીએ જેથી તેઓ જે શીખી રહ્યાં છે તેનો તેઓને લાભ મળી શકે. આમ કરવાથી આપણે પણ ઘણું નવું શીખી શકીશું તેમજ આપણો આત્મવિશ્વાસ પણ વધશે. આમ, પૂરતી તૈયારી, મહેનત અને સન્માન સાથે શિક્ષાર્થીઓને શીખવીએ.
- **ઉજાસ** પ્રવેશિકા ગુજરાતી ભાષા અને ગણિતનું સંકલિત સ્વરૂપ છે. જેના દરેક એકમમાં ગુજરાતી ભાષાની ક્ષમતાઓ અને ગાણિતિક ક્ષમતાઓના વિકાસ માટેનો પર્યાપ્ત અવસર આપવામાં આવ્યો છે.
- શિક્ષાર્થી ગુજરાતી ભાષા સાંભળવા અને બોલવામાં તો સક્ષમ છે પરંતુ શક્ય છે કે વાચન અને લેખનની પૂરતી તકોના અભાવને કારણે તેઓને અમુક પ્રકારની મુશ્કેલી થાય તેવું પણ

બને. એવું પણ શક્ય છે કે કેટલાક શીખનારાઓને અક્ષરજ્ઞાન હોય. એ જ રીતે, શીખનાર ગણિતમાં મૌખિક ગણતરી કરવાનું કૌશલ્ય અને ગણતરીઓની અનૌપચારિક રીતો જાણતા હોય છે પરંતુ તેમને આંકડાઓની ઓળખ કરવામાં અને વિવિધ ગાણિતિક સમસ્યાઓ ઉકેલવામાં મુશ્કેલી અનુભવતા હોય.

- શિક્ષાર્થીને ચિત્ર, વાર્તા, કાવ્યો તેમજ અન્ય રોચક સામગ્રી દ્વારા ગુજરાતી ભાષાના કેટલાક અપરિચિત અક્ષરો, શબ્દો દ્વારા પાઠ્યપુસ્તકના વિષયવસ્તુનું વાચન–લેખન શીખવવામાં આવ્યું છે. આવી પાઠ્યસામગ્રી દ્વારા ગણિતના અંકો, ગણતરી તેમજ સમસ્યાના ઉકેલ શીખવવામાં આવ્યાં છે. આપણે ઇચ્છીએ તો શૈક્ષણિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અન્ય સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરી શકીએ છીએ. ચિત્ર દ્વારા શિક્ષાર્થીઓ સાથે વાતચીત અને તેઓના અનુભવોનું આદાનપ્રદાન કરી શકીએ છીએ.
- ઉજાસના પ્રથમ પાના પર ખાસ કરીને શિક્ષાર્થીઓને લખવા માટે પૂરતી જગ્યા આપવામાં આવી છે, જેથી તેઓ પોતાનું નામ, સરનામું અને સંપર્ક નંબર (મોબાઇલ નંબર) લખે. શિક્ષાર્થીઓ માટે દૈનિક જીવનમાં પોતાનું નામ અને અન્ય બાબતો લખવાનું વારંવાર થતું હોય છે. એવું પણ બની શકે છે કે તેઓ પોતાનું નામ ન લખી શકતા હોય તો આવા શિક્ષાર્થીઓને તેમનું નામ, સરનામું, ફોન નંબર વગેરે જરૂરી સૂચનાઓ લખીને બતાવવી અને જોઈને લખવામાં તેમની મદદ કરવી.
- ઉજાસ પ્રવેશિકાના ચારેય ભાગના અંતે ગુજરાતી ભાષાના મૂળાક્ષરો (વર્ણમાળા) આપવામાં આવ્યા છે. જેનો ઉદ્દેશ શિક્ષાર્થીઓને ગુજરાતી મૂળાક્ષરોના ક્રમનો પરિચય કરાવવાનો છે. પરંતુ શરૂઆત અર્થપૂર્ણ સામગ્રીથી જ થશે. એકવાર અક્ષરોથી પરિચિત થયા પછી મૂળાક્ષરો દ્વારા શિક્ષાર્થીઓને અક્ષરોની ક્રમશ: ઓળખ કરાવી શકાય છે. જો શિક્ષાર્થી પહેલેથી જ થોડું અક્ષરજ્ઞાનનું કૌશલ્ય ધરાવતો હોય તેમને માટે ગુજરાતી મૂળાક્ષરોનાં ચાર્ટવાળા પેઇજનો ઉપયોગ પહેલાં કરી શકાય.
- ગુજરાતી મૂળાક્ષરોનો ચાર્ટ વારંવાર જોવાથી શિક્ષાર્થીઓ ઝડપથી અક્ષર ઓળખતા થશે. તેમજ તેઓ અનુમાન કરીને અક્ષરો ઓળખશે તેમજ વાચન–લેખનનું કૌશલ્ય પ્રાપ્ત કરશે.
- ગુજરાતી ભાષાના અક્ષરોની ઓળખ માટે ભાષાની રમતોનું આયોજન કરી શકાય. જેમ કે ગુજરાતી મૂળાક્ષરોમાં આપવામાં આવેલ કોઈ એક અક્ષરથી શરૂ થતા શબ્દો બોલવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બનાવવા અને વાંચવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બોલવા, વાંચવા–લખવા જેવી રમત પણ મદદરૂપ થઈ શકે છે.
- ગુજરાતી મૂળાક્ષરોના અક્ષરોને એક અક્ષરજાળનાં સ્વરૂપમાં પણ ઉપયોગ કરીને શબ્દો બનાવવાની રમત રમાડી શકાય. આ અક્ષરજાળમાં શીખેલ અક્ષર/માત્રાને પણ લઈ શકાય.
- પ્રવેશિકાના અંતે આપવામાં આવેલ ગુજરાતી મૂળાક્ષરોને શિક્ષાર્થી વાંચન–લેખન શીખતી વખતે ગમે ત્યારે જોઈ શકે છે, વાંચન–લેખનમાં તેનો ઉપયોગ કરી શકે છે.

શિક્ષાર્થીઓને શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની થતી બાબતો

- **તમારા શિક્ષાર્થીને ઓળખવા** – આપણે આપણા શિક્ષાર્થી વિશે જાણીશું કે શું તેમને બિલકુલ વાંચન લેખન આવડતું જ નથી કે પહેલેથી થોડું વાંચન લેખન જાણે છે? તેઓ ફક્ત અક્ષર ઓળખ કરી શકે છે કે પછી ફક્ત પોતાનું નામ લખવાનું જ જાણે છે? એવું પણ હોઈ શકે કે તેઓ સંખ્યાજ્ઞાન ધરાવતા ન હોય પણ ગણિતના આંકડા અને ગણતરીની ઔપચારિક રીતોથી પરિચિત હોય. તેમના વિશે, તેમની પસંદ નાપસંદ, સુખ–દુઃખ, કુટુંબ, ચિંતા, સંઘર્ષ જેવી બાબતો પણ જાણીએ, જેથી જ્યારે આપણે શીખવા–શીખવવાની પ્રક્રિયા શરૂ કરીએ ત્યારે તેમના જીવનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને વાતચીત કરી શકીએ. વાતચીત દરમિયાન તેમની હિંમત વધે અને પોતાને સમર્થ સમજે તે માટે પ્રોત્સાહિત કરવા. આપણી આત્મીયતા તેમના જીવનના ઘણા દુઃખદ પ્રસંગો પરથી તેમનું ધ્યાન હટાવી શકે છે. કોઈપણ શિક્ષાર્થીની માનહાનિ ન થાય તેમજ તેમની જાતિ, જ્ઞાતિ કે ધર્મ પર કોઈપણ પ્રકારની ટિપ્પણી ન થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવું.
- **તમારી શીખવા શીખવવાની કાર્યશૈલીને મનોરંજક બનાવવી** – તમારી આસપાસ એવી અનેક વસ્તુઓ ઉપલબ્ધ હશે જે એકમના શિક્ષણ વખતે ઉપયોગી બની શકે છે. આવી વસ્તુઓ જેવી કે છાપું, પત્રિકા, વીજળીનું બિલ, રેલવે ટિકિટ વગેરેનો યોગ્ય ઉપયોગ કરો.
- **શિક્ષાર્થીને પોતાની વાત રજૂ કરવાની તક આપવી –** તમે એકલા જ ન બોલો. શિક્ષાર્થીને ચર્ચા કરવા માટે તેમજ પોતાના વિચાર રજૂ કરવા માટે પૂરતો સમય આપો. આપણી ઇચ્છા શિક્ષાર્થીને ઘણી બધી જાણકારી આપવાની હોય છે પરંતુ એવું પણ બને કે તે પહેલેથી જ ઘણું જાણતા હોય, માટે આપણે તેમની જાણકારી અને અનુભવોનો લાભ લેવો જોઈએ. આવા સમયે આપણે તેમનો આભાર વ્યક્ત કરવાનું પણ ન ભૂલીએ.
- **પૂરક વાચન સામગ્રીનો ઉપયોગ કરવો – ઉજાસ**ના દરેક પાઠને વાંચી તેની સાથે સંલગ્ન વિવિધ પ્રકારની રસપ્રદ અને સરળતાથી ઉપલબ્ધ હોય તેવી અર્થપૂર્ણ વાંચન સામગ્રી એકત્ર કરો. જેથી શિક્ષાર્થીઓને શીખવવામાં આવેલા પાઠ્યવસ્તુને સમજવાનું સરળ બનશે અને તેઓ તેનાથી જોડાયેલા રહેશે.
- **શિક્ષાર્થી પ્રત્યે સંવેદનશીલ અને હકારાત્મક દ્રષ્ટિકોણ રાખવો –** આપણે એવું ન સમજીએ કે આપણે ઉંમરમાં તેમનાથી નાના કે મોટા છીએ તો તેઓ આપણી વાતોને ગંભીરતાથી લેશે નહીં. તેઓ તમને ખૂબ જ આદર અને પ્રેમ આપશે કારણ કે આપણે તેમને વાચન–લેખન અને સંખ્યાજ્ઞાન શીખવામાં તેમની મદદ કરી રહ્યા છીએ. તમે ખૂબ જ સમજદાર, અનુભવી અને સંવેદનશીલ વ્યક્તિ છો. તમારે યાદ રાખવું જોઈએ કે તેમના કામકાજ, પોશાક, ઉચ્ચારણ તેમજ ઊઠવા–બેસવાની રીતભાત પર કોઈપણ નકારાત્મક વાત ન કરવી.
- **શિક્ષાર્થીઓની સગવડોનું ધ્યાન રાખવું –** શીખવા શીખવવાનો સમય, સ્થળ, અંતર વગેરે બાબતોનું નિર્ધારણ શિક્ષાર્થીને અનુકૂળ હોય તેવું જ રાખો. શિક્ષાર્થીઓ માટે બેસવાની

વ્યવસ્થા કંઈક એવી રીતે રાખો કે તેઓ આરામથી બેસી શકે અને જ્યારે આપણે તેને અક્ષર અને શબ્દ વાંચીને બતાવીએ ત્યારે તે સરળતાથી જોઈ પણ શકે. બેઠક વ્યવસ્થા માટે ટેબલ ખુરશી જેવી વસ્તુઓની પહેલેથી જ વ્યવસ્થા કરી રાખવી જેથી મોટી ઉંમરના શિક્ષાર્થીઓને ગોઠણના દુ:ખાવા વગેરે જેવી સમસ્યા હોય તો તેઓ કલાક બે કલાક બેસવામાં કોઈ મુશ્કેલી ન અનુભવે.

- **મૂળભૂત જરૂરિયાતોની વ્યવસ્થા કરવી –** જે સ્થળ પર આપણે શિક્ષાર્થીઓને શીખવી રહ્યા છીએ ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા તેમજ જરૂરી અજવાળું પણ હોવું જોઈએ.
- **શિક્ષાર્થીઓના અનુભવ અને કૌશલ્યોનું સન્માન કરવું –** આપણા શિક્ષાર્થીને પોતાના જીવનનો ખૂબ જ વિશાળ અનુભવ છે. વાંચન–લેખન શીખવામાં તેમના અનુભવનો ખૂબ જ લાભ મેળવવામાં આવે તો તમારા માટે વાંચન–લેખન શીખવવાનું ખૂબ જ સરળ થઈ જશે. આપણા શિક્ષાર્થી કાર્યકુશળ વ્યક્તિઓ છે. તેઓ જુદા જુદા પ્રકારનાં કૌશલ્યો જાણે છે. તેમના કાર્યકૌશલ્યનો ઉપયોગ શબ્દભંડોળ, ગણિતનાં કૌશલ્ય અને વાચન–લેખન શીખવવામાં યોગ્ય રીતે કરી શકાય છે. વાચન–લેખનના સંદર્ભમાં તમારી સમજ વધારે છે જ્યારે કામકાજ અને જીવનના અનુભવોની વાત કરીએ તો તેમની સમજ ઊંડાણપૂર્વકની હોય છે. તમારી પાસે અપેક્ષા છે કે તમે તેઓનું આદરપૂર્વક સંબોધન કરો. તેમની ઉંમર અને અનુભવોને પૂરતું સન્માન આપો.
- **શિક્ષાર્થીના શીખવાની પ્રક્રિયાને સમજવી –** એવું પણ બની શકે છે કે તમે તેઓને આજે જે શીખવ્યું છે તે બે ત્રણ દિવસ પછી તેઓ ભૂલી જાય. આ ખૂબ જ સ્વાભાવિક બાબત છે. આથી અગાઉ શીખવેલું છે તેનું પુનરાવર્તન કરવા માટે પ્રોત્સાહન આપવું જરૂરી બનશે. એ વાતનું વિશેષ ધ્યાન રાખો કે દરેક શિક્ષાર્થીની શીખવાની ગતિ અને પદ્ધતિ અલગ હશે તો તે અનુસાર જ તેમને શીખવવામાં મદદ કરો. શીખવા અને પરિવર્તન લાવવામાં સમય લાગે છે એટલા માટે ધીરજ રાખો. કેન્દ્રના માહોલને રસપ્રદ બનાવવા માટે સમયાંતરે મનોરંજન, રમત તેમજ તહેવાર અનુસાર ગીત પણ ગાઓ. ગીતો, વાર્તાઓ અનુભવોનું વર્ણન વગેરે દ્વારા આપણે શીખવા શીખવવાના વિષયવસ્તુઓની બાબતોને જોડી શકીએ છીએ. આમ કરવાથી શીખવાની પ્રક્રિયાને રસપ્રદ બનાવી શકાય છે. શીખવા માટે આનંદદાયી અને પ્રેરણારૂપ માહોલ બનાવવો જરૂરી છે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!

આર. આર. પટેલ
સંયોજક
રાજ્ય સાક્ષરતા કેન્દ્ર અને
નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર
જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

પ્રેરણા

ઉષા શર્મા, સભ્ય સંયોજક, પ્રોફેસર અને ઇ.ચા. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

અધ્યક્ષ

ડી. એસ. પટેલ, નિયામક, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જીસીઇઆરટી, ગાંધીનગર, ગુજરાત

સંયોજન અને પરામર્શન

આર. આર. પટેલ, નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જીસીઇઆરટી, ગાંધીનગર

નિર્માણ સમિતિ—સંપાદન

ડૉ. બાની બોરા, વરિષ્ઠ સલાહકાર, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

શિવા શ્રીવાસ્તવ, જુ. પ્રોજેકટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

રોહિત નૈનવાલ–સલાહકાર, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

સોનાલી, જુ. પ્રોજેકટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

ડૉ. યોગીતાબેન દેશમુખ, રિસર્ચ એસોસીએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ. ઇકબાલભાઇ વોરા, રિસર્ચ એસોસીએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ. દિપેશ આસોદરિયા, લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર

સુનિલભાઇ યાદવ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભૂજ

સમીક્ષા સમિતિ

રશ્મિકાબેન મોદી, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

એમ.એ. શેખ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ

ડી.આર.પટેલ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

દક્ષાબેન ખડાયતા, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ

ગ્રાફિક્સ અને ડિઝાઇન

નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

જીજ્ઞેશ ઠાકર, ટેકનીશીયન, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

રીના પુરોહિત, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

દિપક ગોસાઇ, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

આભાર

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર–ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર ઉજાસ (પ્રવેશિકા ભાગ 1 થી 4) પ્રકાશન માટે સંમતિ આપવા બદલ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ન્યુ દિલ્હીનો આભાર વ્યકત કરે છે. જેમના માર્ગદર્શન હેઠળ આ સામગ્રી વિકસાવવામાં આવી છે. એનસીઇઆરટીના રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના પ્રભારી ઉષા શર્મા–પ્રોફેસર, એનસીઇઆરટીનો આભાર વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના ફેકલ્ટી ડૉ. બાની બોરા–વરિષ્ઠ સલાહકાર, રોહિત નૈનવાલ–સલાહકાર, શીવા શ્રીવાસ્તવ–સલાહકાર, સોનાલી–જુ. પ્રોજેકટ ફેલો. ના આભારી છે .

ઉજાસ (પ્રવેશિકા ભાગ 1 થી 4) નિર્માણ માટેના વિવિધ તબક્કા જેમકે એનસીઇઆરટી દ્વારા યોજાયેલ કાર્યશાળાઓ તેમજ જીસીઇઆરટી દ્વારા યોજાયેલ નિર્માણ અને સમીક્ષા અંતર્ગત યોજાયેલ કાર્યશાળાઓના લેખકો, સમીક્ષકો અને ટેકનીકલ સહાય પૂરી પાડનાર સૌનો આભાર માનીએ છીએ. જેમના સહયોગથી આ કાર્ય પૂર્ણ કરવામાં સફળતા મળી છે.

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર
જીસીઇઆરટી ગાંધીનગર,
ગુજરાત

અનુક્રમણિકા

આમુખ

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

11. મનોરંજન 244–264

- મફત જ મફત
- આકૃતિઓની સમજ (વર્ગ, ચતુષ્કોણ, ત્રિકોણ, ગોળ વગેરે)
- આકૃતિઓ અને અંકોની પેટર્નની સમજ વિકસાવવી
- 'મોસમ આવી મહેનતની' લોકગીત
- જાદુઈ ફાનસ

12. નાણાકીય સાક્ષરતા 265–284

- મારું ખાતુ મારી શાન
- બેંકમાં ખાતુ ખોલાવવા સંબંધિત જાણકારીનો ઉપયોગ
- બેંક સંબંધિત ફોર્મનું વાંચન, સમજણ અને ફોર્મ ભરવા બાબત (ચેક, જમા પાવતી, રોકડ ઉપાડ પાવતી)
- દાનનો હિસાબ

13. ડિજિટલ સાક્ષરતા 285–303

- હવે માર્ગ થયો આસાન
- ડિજિટલ અંકોની ઓળખ અને લખાણ
- ચિત્રમાં દર્શાવેલ અંકોની સમજ
- મોબાઇલ ફોન સંબંધિત રોજિંદા જીવનની સમસ્યાઓનો ઉકેલ મોબાઇલની દુનિયા


મારી ચોપડી

મારું નામ : .....

મારું સરનામું : .....


મારો મોબાઈલ નંબર : .....

મનોરંજન



વાતચીત માટે

રોજિંદા જીવનમાં મનોરંજન માટે આપણે બધા ગાયન વાદન કરીએ છીએ. વાર્તા સાંભળીએ છીએ અને સંભળાવીએ છીએ. ફિલ્મો અને નાટક નિહાળીએ છીએ. આ ચિત્રમાં શું શું થઇ રહ્યું છે – શિક્ષાર્થીઓને આવું પૂછીને ચિત્ર વિશેની વાતચીત કરો. તેઓના રોજિંદા જીવનમાં મનોરંજનનાં કયાં કયાં સાધનો છે તેના વિશે વાતચીત કરો અને ચિત્રની ફરતે વર્તુળ કરો.



11

મનોરંજન

આપણે શીખીશું

- આકૃતિઓ વિશે સમજવું.
  (ચોરસ, ચતુષ્કોણ, ત્રિકોણ, વર્તુળ વગેરે)
- આકૃતિ અને અંકોની પેટર્નને સમજવી.

મફત જ મફત

એક દિવસ ભીખુભાઈની ઈચ્છા નાળિયેર ખાવાની થઈ. પરંતુ તેમના ઘરમાં તો એકપણ નાળિયેર ન હતું. "અરે, હવે મારે બજારમાં જવું પડશે" તેમણે તેમનાં પત્ની લાભુબેનને કહ્યું, લાભુબેને કહ્યું, "ખાવું હોય તો જવું પડશે", ભીખુભાઈએ કહ્યું," પૈસા ચૂકવવા પડશે"? લાભુબેને કહ્યું, "હા પૈસા તો ખર્ચવા જ પડશે."



ભીખુભાઈ થોડા કંજૂસ હતા. પરંતુ નાળિયેર ખાવાની ઈચ્છા તો ખૂબ જ હતી. તેમણે લાભુબેનને કહ્યું, "ઠીક છે હું બજારમાં જઈને આવું છું."

ભીખુભાઈ બજારમાં જવા નીકળી પડ્યા, બજારમાં લોકો પોત પોતાનાં કામમાં વ્યસ્ત હતા, ભીખુભાઈ પૂછતાં પૂછતાં નાળિયેરવાળા પાસે પહોંચી ગયા.

“ઓ નાળિયેરવાળાભાઈ, નાળિયેર કેટલામાં આપશો?” ભીખુભાઈએ પૂછ્યું. નાળિયેરવાળાભાઈએ કહ્યું, “બસ બે રૂપિયામાં જ કાકા”. ભીખુભાઈએ આંખો પહોળી કરીને કહ્યું, “બે રૂપિયા! ભાવ ખૂબ વધારે છે, એક રૂપિયામાં આપી દો”, નાળિયેરવાળાએ કહ્યું, “ના રે ના”. ભીખુભાઈ બબડીને બોલ્યા, “તો તું મને કહે કે એક રૂપિયામાં ક્યાં મળશે?” નાળિયેરવાળાએ કહ્યું, “અહીંથી થોડે દૂર એક બજાર છે કદાચ ત્યાં મળી જાય”.



ભીખુભાઈ બજાર તરફ ચાલવા માંડ્યા. બજાર લોકોના મોટા મોટા આવાજથી ગુંજી રહ્યું હતું. ભીખુભાઈએ માથા પરનો પરસેવો લુછ્યો. આજુબાજુ જોયું. ત્યારબાદ એક નાળિયેરવાળાને પૂછ્યું, “અરે ભાઈ, આ નાળિયેર કેટલામાં આપશો?”



"ફક્ત એક રૂપિયો, કાકા", નાળિયેરવાળાએ જવાબ આપ્યો. ભીખુભાઈએ કહ્યું, "હું ખૂબ દૂરથી આવ્યો છુ. પચાસ પૈસા યોગ્ય છે." નાળિયેરવાળાએ ચોખ્ખી ના પાડી અને કહ્યું, " બંદર પર ચાલ્યા જાઓ ત્યાં તમને કદાચ પચાસ પૈસામાં મળી જશે". ભીખુભાઈ પગ ઢસડતા ચાલવા લાગ્યા. દરિયાકાંઠે એક હોડીવાળો બેઠો હતો.

"અરે ભાઈ, એક નાળિયેર કેટલામાં આપશો?" – ભીખુભાઈએ પૂછ્યું.

"ફક્ત પચાસ પૈસા કાકા", હોડીવાળાએ કહ્યું.



ભીખુભાઈએ કહ્યું, "આટલા દૂરથી પગે ચાલીને આવ્યો છું અને તમે કહો છો પચાસ પૈસા? હું તમને પચ્ચીસ પૈસા આપીશ." ભીખુભાઈ નીચે નમીને નાળિયેર લેવા જતા હતાં ત્યારે હોડીવાળાએ કહ્યું, "નાળિયેર નીચે રાખી દો". પછી તેણે ભીખુભાઈ તરફ જોયું અને કહ્યું, "સસ્તામાં જોઈએ છે? તો નાળીયેરના બગીચામાં જતા રહો." ભીખુભાઈ નાળીયેરના બગીચામાં પહોંચી ગયા. બગીચાના માળીને નાળિયેરનો ભાવ પૂછ્યો.

માળીએ કહ્યું, "આ રહ્યું ઝાડ અને ત્યાં રહ્યું નાળિયેર, જેટલાં જોઈએ તેટલાં તોડી લો". ભીખુભાઈ તો રાજીના રેડ થઇ ગયા. તે ઝડપથી ઝાડ પર ચઢી ગયા.

તેમણે સૌથી મોટા નાળિયેર તોડવા માટે પોતાના બંને હાથ આગળ કર્યા. અરે! પગ લપસી ગયા. ભીખુભાઈએ એકદમ નાળિયેરને પકડી લીધું. તેના બંને પગ હવામાં ઝુલતા રહ્યા. તે મદદ માટે બૂમો પાડવા લાગ્યા. "અરે ભાઈ! મદદ કરો".



તેમણે નીચે ઉભેલા માળીને વિનંતી કરી. માળીએ કહ્યું, "તે મારું કામ નથી, કાકા. આ તમારી અને તમારા નાળિયેરની બાબત છે. પૈસા નથી, ખરીદવા નથી, વેચવા નથી અને મદદ પણ કરવી નથી. બધુ જ મફત!"

આ સમયે ઊંટ ઉપર એક વ્યક્તિ ત્યાંથી પસાર થયો. ભીખુભાઈ મોટેથી બૂમો પાડવા લાગ્યાં, "અરે ઊંટવાળા! મારા પગ ફરીથી ઝાડ પર ટકાવી આપોને, તમારી ખૂબ મહેરબાની થશે". ઊંટવાળાએ ઊંટની પીઠ પર ઊભા રહીને ભીખુભાઈના પગ પકડી લીધા. બરાબર તેજ વખતે ઊંટે લીલાં લીલાં પાંદડાં જોયાં. લીલા પાંદડાં ખાવા માટે ઊંટ પોતાની જગ્યા પરથી ખસી ગયો. તરત જ તે ઊંટની પીઠ પરથી લપસી ગયો. પોતાનો જીવ બચાવવા માટે તેને ભીખુભાઈના પગ જોરથી પકડી લીધા. હવે બંને શું કરે? એટલામાં ત્યાં એક ઘોડેસવાર આવ્યો. ઘોડેસવારને જોઈને ભીખુભાઈએ વિનંતી કરી, "અરે મારા ભાઈ! મને ઝાડ પર ફરી વાર પહોંચાડી દો". "હમમ..." ઘોડેસવાર ઘોડાની પીઠ પર ઉભો રહી ગયો.





લીલું લીલું ઘાસ ખાવા માટે ઘોડો થોડો આગળ ચાલ્યો. એક, બે અને હવે ત્રણ! ત્રણેય નાળિયેરના ઝાડ પર લટકવા લાગ્યા. ઘોડેસવાર પરસેવે રેબઝેબ થઈને ભીખુભાઈને કહ્યું, "કાકા! કાકા! નાળિયેર જોરથી પકડી રાખજો. હું તમને સો રૂપિયા આપીશ".

હવે ઊંટવાળાએ કહ્યું, "હું તમને બસો રૂપિયા આપીશ.", "ત્રણ સો રૂપિયા!" ભીખુભાઈનું માથું ફરી ગયું. આટલા બધા રૂપિયા! ખૂબ આનંદમાં આવી જઈને તેમણે પોતાના બને હાથ ફેલાવ્યા...અને નાળિયેર હાથમાંથી છૂટી ગયું.

ધડાકા સાથે ત્રણેય જમીન પર પડી ગયાં. ઘોડેસવાર, ઊંટવાળો અને ભીખુભાઈ. ભીખુભાઈ પોતાની જાતને સંભાળી રહ્યા હતા ત્યારે જ એક મોટું નાળિયેર તેમના માથા પર આવીને પડ્યું, સાવ મફત!

સ્રોત: રિમઝિમ ધોરણ–4, એન.સી.ઈ.આર.ટી.

• વાતચીત માટે

પ્રશ્ન 1. વાર્તામાં ભીખુભાઈને કંજૂસ કહેવામાં આવ્યા છે. શું તે ખરેખર કંજૂસ હતા? જો હા, તો કેવી રીતે ?

પ્રશ્ન 2. શું તમે ભીખુભાઈ જેવી વ્યક્તિને ઓળખો છો? તેમના વિશે જણાવો.

પ્રશ્ન 3. નીચે આપેલી વસ્તુઓની ખરીદી કરતી વખતે તમે કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખો છો? શા માટે?

(ક) દવા (ખ) દાળ (ગ) ઘઉં (ઘ) લીલાં શાકભાજી

• વાંચો અને જણાવો

વાર્તાના આધારે સાચી બાબત પર હા (√) અને ખોટી બાબત પર ના (×) ની નિશાની કરો.

1. ભીખુભાઈ નાળિયેર ખાવા માગતા હતા. હા ☐ ના ☐
2. ભીખુભાઈ ખૂબ જ કંજૂસ હતા. હા ☐ ના ☐
3. બજારમાં નાળિયેરનો ભાવ ત્રણ રૂપિયા હતો. હા ☐ ના ☐
4. માળીએ ભીખુભાઈની મદદ કરી. હા ☐ ના ☐
5. ઝાડ પર નાળિયેર સાથે ત્રણ લોકો લટકી રહ્યા હતા. હા ☐ ના ☐

શિક્ષક માટેની સૂચના:–

શિક્ષાર્થીઓ સાથે કંજૂસ હોવું અને પૈસાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો તેના વિશે ચર્ચા કરો. દુકાનો દ્વારા સમયાંતરે સેલ લગાવવામાં આવે છે અને વિશેષ ઓફર રાખવામાં આવે છે. શું આ સેલ કે ઓફરમાં મળતી વસ્તુઓ ઉપયોગ કરવા જેવી હોય છે? સેલના સંદર્ભમાં શિક્ષાર્થીઓને પોતાના અનુભવો જણાવવા માટે કહો.

♦ વાંચો, જણાવો અને લખો.

પ્રશ્ન 1. નાળિયેરના બગીચાથી શરૂ કરીને બજાર સુધી પહોંચતાં નાળિયેરના ભાવ વધી જાય છે. આવું શા માટે થાય છે?

.....

.....

પ્રશ્ન 2. કોઈપણ સામાન ખરીદતી વખતે કે વેચતી વખતે તમને કઈ કઈ મુશ્કેલીઓ આવે છે?

.....

.....

પ્રશ્ન 3. તમારા બજારમાં એવી કઈ–કઈ વસ્તુઓ છે કે જે તમે ખરીદી શકો છો? એવી કઈ–કઈ વસ્તુઓ છે કે જે તમે ખરીદી શકતા નથી? કારણ જણાવો.

ખરીદી શકાય તેવી વસ્તુઓ	ખરીદી ન શકાય તેવી વસ્તુઓ	કારણ

પ્રશ્ન 4. ભીખુભાઈ તો રાજીના રેડ થઈ ગયા. તમારા જીવનમાં બનેલા ખુશીના પ્રસંગો જણાવો અને લખો.

.....

.....

.....

પ્રશ્ન.5 તમારી સમજ પ્રમાણે વાક્ય પૂર્ણ કરો–

(ક) ત્યારે ઊંટ ઉપર.....એક વ્યક્તિ ત્યાંથી પસાર થયો.

(ખ) ભીખુભાઈના બંને..... હવામાં લટકતા રહી ગયા.

(ગ) તે વખતે ઊંટને લીલા.....પાંદડા નજરમાં આવ્યા.

(ઘ) ત્રણેય .....થી જમીન પર પડી ગયા.

પ્રશ્ન 6. આ વાર્તામાં અંકોનો ઉપયોગ શબ્દોમાં કયાં કયાં થયો છે? આંકડામાં લખો.

જેમકે....

એક નાળિયેર = 1 નાળિયેર

પચાસ પૈસા = 50 પૈસા

..... = ...

..... = ...


..... = ...

શિક્ષક માટે સૂચના

શિક્ષાર્થીઓ સાથે મોંઘવારીના સંદર્ભમાં ચર્ચા કરો. હમણાં હમણાં કઈ–કઈ વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે? એવી કઈ કઈ વસ્તુઓ છે જે મોંઘી થાય તો તમને તેનાથી કોઈ અસર થતી નથી? એમ.આર.પી., રિટેલ, જથ્થાબંધ વગેરે શબ્દોની સમજૂતી પર ચર્ચા કરો.

- તરુણાએ બનાવેલા ચિત્રો

તરુણાએ બનાવેલાં ચિત્રો સિનેમાઘરની દિવાલો પર પણ લાગેલાં છે. તે ત્રિકોણ ( ), ચતુષ્કોણ(અથવા) તેમજ વર્તુળ ( )ની મદદથી જુદાં જુદાં ચિત્રો બનાવે છે.



સીમા ચિત્રોની ગણતરી કરીને જાણવા માગે છે કે, તરુણાએ કુલ કેટલા ત્રિકોણ ( ), ચતુષ્કોણ(અથવા) તેમજ વર્તુળ ( ) નો ઉપયોગ કરીને ચિત્રો બનાવ્યાં છે. શું તમે સીમાની મદદ કરશો ?

કુલ ત્રિકોણ		
કુલ ચતુષ્કોણ	અથવા	
કુલ ગોળ		

શિક્ષક માટે સૂચના

તમારી આસપાસ તેમજ રોજિંદા જીવનમાં વપરાતી આકૃતિઓની ઓળખ કરવા શિક્ષાર્થીઓને મદદ કરવી.


તમે પણ ત્રિકોણ (), ચતુષ્કોણ ( અથવા ) તેમજ ગોળ () ની મદદથી કેટલાંક ચિત્રો દોરો.

- તમારી આસપાસની વસ્તુઓ જુઓ અને લખો.

ગોળ		સાઈકલનું પૈડું			
ત્રિકોણ		સમોસાં			
ચોરસ		રૂમાલ			
લંબચોરસ		દરવાજો			

• ડિઝાઇન

(નિરાલીએ મેળામાં જુદા જુદા આકારથી બનેલાં જુદી જુદી ભાતનાં તોરણ જોયાં.) નિરાલી પોતાના માટે આવા આકારોમાંથી તોરણ બનાવવા માંગે છે. શું તમે નિરાલીને તોરણ બનાવવા માટે મદદ કરી શકશો?




નિરાલીએ મેળામાંથી કેટલીક શેતરંજી ખરીદી. આ શેતરંજીની કિનારી પર કેટલીક આકૃતિઓ જોવા મળે છે. તમને કઈ કઈ આકૃતિઓ જોવા મળી રહી છે? તેના આધારે ચિત્ર બનાવો.



• શિક્ષક માટે સૂચના

શિક્ષાર્થીઓ સાથે ચર્ચા કરો કે આકૃતિઓ સીધી રેખા કે વળાંકવાળી રેખા અથવા બંને પ્રકારની રેખાઓથી બને છે, જ્યારે ભાતમાં કેટલીક આકૃતિઓનું વારંવાર પુનરાવર્તન થાય છે.

કોઈ ડિઝાઇનમાં કેટલીક આકૃતિઓ વારંવાર શા માટે આવે છે? નિરાલીએ તોરણ બનાવ્યા પછી પોતાને બેસવા માટેનું આસન બનાવવાનું શરૂ કર્યું. શું તમે નિરાલીના આસનને પૂર્ણ કરી શકશો?



કેટલા ખૂણા?

3	6	9	

શું તમે કહી શકશો કે નીચે આપેલા ખાલી સ્થાન પર કઈ સંખ્યા આવશે?

2	4	6	8			
3	6	9	12			
3	7	11	15			
10	20	30	40			

• સાથે મળીને વાંચો

'મહેનતની મોસમ'

આ એક ગુજરાતી લોકગીત છે. આ ગીત ગુજરાતમાં શ્રાવણ–ભાદરવા મહિનામાં ખેતરમાં કામની મોસમ વખતે કામ કરતા સમયે ગાવામાં આવે છે. આ ગીત ખેતરના વિવિધ પાકને ધ્યાનમાં રાખીને ગાવામાં આવે છે.

સોનાવરણી સીમ બની
મેહુલિયે કીધી મહેર રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...



નદિયુંનાં જલ નીતર્યાં
લોકોમાં લીલાલહેર રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...



લીલો કંચન બાજરો
ને ઊજળો દૂધ કપાસ રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...

જુવાર લોથે લૂમેઝૂમે
ને હૈયામાં ઉલ્લાસ રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...

ઉપર ઊજળાં આભમાં
કુંજડિયુંના કિલ્લોલ રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...
વાતા મીઠા વાયરા
ને લેતા મોલ હિલોળ રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...



નવા શબ્દોના અર્થ જાણો

1. મહેર – મહેરબાની, 2. લીલાલહેર–આનંદ, 3. ઊજળો–સફેદ, 4. મોલ–પાક, 5.પછેડી– પાક ભરીને લઈ જવા માટેનું કપડું, 6. ખળું–પાક તૈયાર કરવા માટેનું સ્થળ, 7. રળનારો–મહેનત કરવાવાળી વ્યક્તિ

લિયો પછેડી દાતરડાં
આજ સીમ કરે છે સાદ રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...

રંગે સંગે કામ કરીએ
થાય મલક આબાદ રે...
ભાઈ! મોસમ આવી...
લીંપીગૂંપી ખળાં કરો
લાવો ઢગલેઢગલા ધાન રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...
રળનારો તે માનવી
ને દેનારો ભગવાન રે...
ભાઈ! મોસમ આવી મહેનતની...

– નાથાલાલ દવે

- **મારા શબ્દો**

શિક્ષક માટે સૂચના :

'મનોરંજન' વિષય પર વાતચીત કરો. શિક્ષાર્થીઓને પૂછીને આ વિષય સાથે સંબંધિત ત્રણ-ચાર શબ્દો લખો. આ શબ્દો તેઓની પોતાની ભાષાના પણ હોઈ શકે છે જેમકે, 'લોથા' , 'પછેડી', ખળું વગેરે. શિક્ષાર્થીઓ સાથે મળીને ગીત , ભજન તેમજ લોકગીત ગાઓ.


- વાતચીત માટે

1. તમારે ત્યાં લોકગીત કયા પ્રસંગો વખતે ગાવામાં આવે છે ?
2. શું તમને કોઈ લોકગીત યાદ છે ? જો 'હા', તો સંભળાવો.

- સાથે મળીને વાંચો અને વાતચીત કરો.

જાદુઈ ફાનસ

સિનેમા દુનિયાભરમાં ફેલાયેલ છે. સિનેમાને પોતાની એક દુનિયા છે. ત્રણ કલાકના શો દરમિયાન હજારો લોકો એક સાથે હોય છે. જાતિ–જ્ઞાતિ, અમીરી–ગરીબી બધા જ ભેદભાવ ભૂલીને લોકો એક સાથે હસતાં–રડતાં, ખુશ રહેતાં, મજા લેતાં, વિચારતાં–સમજતાં હોય છે.



ભારત જેવા મોટા દેશમાં સિનેમાની ખૂબ મોટી ભૂમિકા છે જે દેશ અને સમાજને જોડવાનું કામ કરે છે. હિન્દીમાં નિર્માણ થયેલી ફિલ્મો માત્ર હિન્દી વિસ્તારમાં જ પ્રચલિત થતી નથી. દક્ષિણ ભારતમાં પણ તેને ખૂબ જ આદરથી જોવામાં આવે છે. દક્ષિણની ફિલ્મો કે જે હિન્દીમાં ન હોય તેવી ફિલ્મોના ગીત અને સંગીત પણ હિન્દી સિનેમામાં પ્રચલિત થઈ રહ્યાં છે. સિનેમાને 'ચલચિત્ર' પણ કહેવામાં આવે છે. સિનેમાને 'જાદુઈ ફાનસ' પણ કહેવામાં આવે છે. હવે પછીના સો વર્ષ સુધી ફિલ્મોની રોશની વધુ તેજસ્વી, મોહક અને ઉજ્જવળ બને તેવી આપણે શુભકામના કરીએ છીએ...

– સ્રોત – સો વર્ષનું સિનેમા

ટિપ્પણી

12

નાણાકીય સાક્ષરતા

B4U2P5

આપણે શીખીશું

- બેંકમાં ખાતુ ખોલવા સંબંધિત માહિતીનો ઉપયોગ કરવો.
- બેંક સંબંધિત ફોર્મ વાંચવું, સમજવું અને ભરવું. (ચેક, જમા પાવતી, રોકડ ઉપાડ પાવતી)

મારું ખાતુ મારી શાન

જયાએ પિગી બેંક તોડી નાખી. ઘણી નોટો અને સિક્કા અવાજ સાથે પડી ગયા. જયાએ કુલ રૂા. 2573 ગણ્યા. આ પૈસા તેણે ખૂબ કાળજીથી એકઠા કર્યા હતા. હવે પ્રશ્ન એ હતો કે તેની સંભાળ કેવી રીતે રાખવી! તે સલાહ માટે પ્રિયા પાસે ગઇ. પ્રિયા અને જયા પાકી બહેનપણી છે.

પ્રિયાએ બેંકમાં રૂપિયા જમા કરાવવા અથવા પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલાવવાનું સૂચન કર્યું. જયાએ ગુસ્સો કર્યો, "બેંકમાં ઘણી વખત ગઇ પરંતુ કોઈએ ધ્યાન આપ્યું જ નહી" પ્રિયા – "હવે એવું નથી." તેમના વચ્ચે ઘણી ચર્ચા થઈ.

અંતે જયાએ સ્વીકાર્યું. બંને સહેલીઓ બેંકમાં પહોંચી. ત્યાં એક બોર્ડ હતું, બોર્ડ વાંચીને તેઓને વધુ જાણકારી મળી. ખાતું જન ધન યોજના હેઠળ ખોલવામાં આવશે. પ્રારંભિક રકમ વિના ખાતું ખુલશે. લોનની સુવિધા પણ મળશે. અકસ્માત વીમો પણ હશે અને સરકાર દ્વારા સમયાંતરે આપવામાં આવતી આર્થિક સહાય પણ સીધી બેંક ખાતામાં જ જમા થશે.

બંને આશ્ચર્યચકિત અને ખુશ પણ હતી. તેઓ જાણતી હતી કે બેંકમાં તેમના પૈસા સુરક્ષિત છે. વ્યાજ પણ મળશે. આટલા ફાયદા ! વાહ! શું વાત છે !
હવે પ્રિયા પણ ખાતું કેમ ન ખોલાવે? બંનેએ બચત ખાતું ખોલવા માટે ફોર્મ ભર્યું અને જમા કર્યું. જયાએ મતદાર ઓળખપત્ર અને આધારકાર્ડની નકલ આપી. જેમાં તેના રહેઠાણનું સંપૂર્ણ સરનામું લખેલું હતું. પ્રિયાનું RuPay કાર્ડ ખોવાઈ ગયું હતું. તેણે સરપંચ પાસે આ માટેનો પત્ર લખાવ્યો.
થોડા દિવસો પછી ટપાલીએ RuPay ડેબિટ કાર્ડ (ATM) પ્રિયાને સોંપ્યું. RuPay કાર્ડ વડે તેઓ કોઈપણ બેંકના એટીએમનો ઉપયોગ કરી શકે છે. ATM મશીનમાંથી પૈસા ઉપાડી શકાય છે.
RuPay કાર્ડ મળતા બંને ખુશ હતી. પ્રિયાએ કહ્યું– સમાજમાં અમારો દરજ્જો વધ્યો છે. હવે અમે પણ ખાતાધારકો છીએ.

"મારું ખાતું મારી શાન"

– નિશાત ફારૂક

- **બેંકમાં ખાતું ખોલો.**
- **શાહુકારથી છુટકારો મળશે.**
- **ખાતું ખોલવું ખૂબ જ સરળ છે. નાનું એવું ફોર્મ ભરો.**
- **કોઈપણ ઓળખ દસ્તાવેજ તેની સાથે જોડો.**
- **જો ખાતું પહેલેથી જ ખોલાયેલ હોય તો તે જન ધન યોજનામાં જોડાઈ શકે છે.**

- **યોગ્ય કથન દ્વારા વાક્ય પૂર્ણ કરો.**

  બેંકમાં ખાતુ – ઓળખપત્રની નકલ લગાવવાની છે
  બેંકમાં રૂપિયા – પૈસે ખુલશે
  ખાતુ શરૂઆતમાં વગર – આપી ગયો
  ટપાલી RuPay કાર્ડ – ખોલાવવું થયું સરળ
  ફોર્મની સાથે – સલામત રહે છે

- **વાંચો, કહો અને લખો**

  પ્રશ્ન 1. પ્રિયાએ જયાને રૂપિયા જમા કરાવવા માટે શું સૂચન કર્યું?

  .....
  .....
  .....
  .....

  પ્રશ્ન 2. શું તમારે પણ બેંકમા બચત ખાતુ છે? તમારી બેંકનું નામ લખો.

  .....
  .....
  .....
  .....

  પ્રશ્ન 3. શું તમારે ક્યારેય બેંક કે પોસ્ટઓફિસમાં પૈસાની લેવડદેવડમાં કોઇ જાતની મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે?

  .....
  .....
  .....
  .....

- યોગ્ય શબ્દ દ્વારા વાક્ય પૂર્ણ કરો.

1. ખાતુ ..... માં અથવા ..... માં ખોલાવવું જોઇએ.
2. પોતાની ..... પ્રમાણે ખર્ચ કરવો જોઇએ.
3. જમા રકમ પર ..... મળે છે.
4. બેંકમાં ખાતુ ખોલવા માટે ..... , ... અને ..... ની જરૂર પડે છે.

♦ આપેલું ફોર્મ ભરો.

નામ .....

ઉંમર .....


જાતિ .....

સરનામું .....

વાર્ષિક આવક .....

મોબાઇલ નંબર .....

- જુઓ, વાંચો અને વાર્તાલાપ કરો.



જમापर्ची PAY-IN-SLIP — नकद/अंतरण CASH/TRANSFER

भारतीय स्टेट बैंक STATE BANK OF INDIA

शाखा/Branch

दिनांक/Date .....20.....

खाते का प्रकार : बचत बैंक/चालू खाता/आवर्ती जमा/कैश क्रेडिट/सावधि ऋण

TYPE OF ACCOUNT : SB/CA/RD/CC/TL

खाता सं./A/c No.

For the credit of the Bank Account of .....

..... के खाते में जमा कराने हेतु

नकद/चेकों के विवरण (पर्ची के दूसरी ओर) Details of Cash/Cheques (Overleaf) — ₹ — पै. P.

खाते में नकद जमा/Cash Deposit in the A/c

नकदी रखरखाव शुल्क/Cash handling Chrg.

कुल जमा/Total Deposit

रुपये (शब्दों में)/Rupees (in words) .....

कार्यालय उपयोग हेतु/For Office Use

एसडब्ल्यूओ/SWO | रोकड़ अधिकारी/पासकर्ता अधिकारी Cash Officer/Passing Officer

CC.NO.10099131 — CSD.FBD.: 9801/06.03.2013/1Lac Pads/Samira

जमापर्ची PAY-IN-SLIP — भारतीय स्टेट बैंक / STATE BANK OF INDIA — नकद/अंतरण CASH/TRANSFER

..... शाखा / Branch

नोट : कृपया नकद, चैक, ड्राफ्ट आदि जमा करने के लिए अलग-अलग पर्चियों का उपयोग करें/ Please use separate slips for depositing cash, cheque, drafts etc.

दिनांक/Date .....20.....

खाते का प्रकार / Type of Account (✓) | बचत बैंक /SB | चालू खाता / CA | आवर्ती जमा /RD | कैश क्रेडिट / CC | सावधि ऋण / TL | खाता सं./Account No.

के खाते में जमा करने हेतु / For the credit of the Bank Account of .....

..... नोट : कृपया नकद/चेक की विवरण दूसरी ओर लिखें / NOTE : Please furnish details of cash/cheque overleaf

खाते में नकद जमा / Cash Deposit in the Account — ₹ — पै./P.

'पी' खण्ड के ग्राहकों को छोड़कर नकद रखरखाव शुल्क (कैश क्रेडिट/चालू खाता)/Cash Handling Chrg. (CC/CA) other than 'P' Segment Cust.

कुल जमा रुपए (शब्दों में) / Total Deposit (in words) ₹ .....

मोबाइल/ टेलीफोन नं. / Mobile/Telephone No. — पैन नं. / PAN No.


शाखा/Branch — कोड नं./Code No

(यदि जमा राशि-मूल इतर (नॉन-होम) शाखा में जमा की जानी है)/(If Deposit is made for Non Home Branch) — जमाकर्ता के हस्ताक्षर / Signature of the Depositor

कार्यालय उपयोग हेतु / For Office Use

एसडब्ल्यूओ/SWO | रोकड़ अधिकारी/पासकर्ता अधिकारी / Cash Officer/Passing Officer

રૂપિયા જમા કરવા માટેની પાવતી



खाताधारक का (के) नाम / Name of the Account Holder(s).....

भारतीय स्टेट बैंक STATE BANK OF INDIA — शाखा / BRANCH

बचत बैंक आहरण फार्म SAVINGS BANK WITHDRAWAL FORM

दिनांक Date .....

नोट : यह फार्म चेक नहीं है। इस फार्म के साथ पासबुक प्रस्तुत नहीं किए जाने पर भुगतान के लिए इनकार किया जाएगा। यह भुगतान केवल मूल (होम) शाखा में ही किया जाएगा।

NOTE : This form is not a Cheque. Payment will be refused if the pass book is not produced with this form. This payment will be made only at the Home Branch.

खाता संख्या ACCOUNT NUMBER

कृपया मुझे / हमें Please pay self/ourselves ₹..... (₹ .....

..... मात्र/ only)

का भुगतान करें और मेरे /हमारे उपर्युक्त बचत/बैंक खाते को यह राशि नामे करें I/ and debit the amount to my/our above savings bank account.

फोन/मोबाइल नं./Phone/Mobile No.

खाताधारक (कों) के हस्ताक्षर Signature(s) of the Account Holder(s)

कार्यालय उपयोग हेतु/FOR OFFICE USE

पासकर्ता/Passed by | हस्ताक्षर/Signature | पासकर्ता/Passed by | हस्ताक्षर/Signature


एसडब्ल्यूओ/SWO | पासकर्ता अधिकारी/PASSING OFFICER

CC No. 100101080 — CSD.FBD.:875/07.10.13/50,000 Pads/Samira

રૂપિયા ઉપાડવા માટેની પાવતી



એ.ટી.એમ.કાર્ડ



પાસબુક



ચેક




20 રૂપિયાની નોટ



એ.ટી.એમ. મશીન




* બેંક ખાતામાં રૂપિયા જમા કરવા માટે એક જમા પાવતી ભરવી પડે છે. ચિત્ર જોઇને જમા પાવતીની વિગતો સમજો.




- જેમ બેંક ખાતામાંથી રૂપિયા જમા કરવા માટે પાવતી ભરવી પડે છે તેવી જ રીતે બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડવા માટે પણ એક પાવતી ભરવી પડે છે. ચિત્ર જોઇને પાવતીની વિગતો સમજો.

પૈસા ઉપાડવા માટેની પાવતી




- રવિને ₹૭૩૦૦નો ચેક રૂબિનાને આપવાનો છે. ચેક ભરવા માટે રવિની મદદ કરો.




- જતિનને બેંકમાં ₹૧૭૦૦ જમા કરવા છે. રૂપિયા જમા કરવાની પાવતી ભરવામાં જતિનને મદદ કરો.

રૂપિયા જમા કરવાની પાવતી



- લાજવંતીને બેંકમાંથી ₹૨૦૦૦ ઉપાડવાના છે. રૂપિયા ઉપાડવાની પાવતી ભરવા માટે લાજવંતીને મદદ કરો.

રૂપિયા ઉપાડવા માટેની પાવતી



જયાની પાડોશી પ્રિયા તેને પૂછે છે કે બેંકમાં ખાતું ખોલાવવાનો શું ફાયદો છે?

જયા: બેંક ખાતાના કેટલાક ફાયદા છે, જેમકે –

• આપણે આપણી બચત સુરક્ષિત રીતે રાખી શકીએ છીએ.

• જમા રકમ પર વ્યાજ મળે છે.

• જરૂર પડે તો બેંક કે એ.ટી.એમ. પરથી તમે થાપણો ઉપાડી શકો છો.

• પૈસા ઉપાડ્યા વિના ઇન્ટરનેટ દ્વારા વ્યવહારો કરી શકાય છે.

• તમે ઇન્ટરનેટ દ્વારા બિલ ચૂકવી શકો છો. તમે ટ્રેનની ટિકિટ પણ ખરીદી શકો છો.

પ્રિયા: કેટલા પૈસા જમા કરાવ્યા અને કેટલા ઉપાડ્યા તેનો હિસાબ કેવી રીતે રાખશો?

જયા: જો કે હું ડાયરીમાં લખું છું, પરંતુ બેંક અમને પાસબુક આપે છે જેમાં બેંક ખાતાનો હિસાબ નોંધે છે.

તારીખ	વિગત	જમા રકમ	ઉપાડ રકમ	બાકી રહેતી રકમ
15.02.22	રોકડા	2000		2000
18.02.22	રોકડા		500	1500
04.03.22	રોકડા	1000		2500
11.03.22	રોકડા		600	1900
17.03.22	રોકડા		700	1200

જો જયાએ 4 એપ્રિલના રોજ ₹2500 જમા કરાવ્યા તો બેંક પાસબુકમાં તેની નોંધ ક્યાં કરશે? જયાના ખાતામાં કુલ કેટલી રકમ થઇ જશે?

● શિક્ષક માટે સૂચના

બેંકમાં ખાતુ ખોલાવવું સરળ છે તેની ચર્ચા કરો. તેના માટે બે ફોટા અને ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ કે ફોટો ઓળખકાર્ડ જરૂરી છે. જન–ધન યોજનામાં વગર પૈસે ખાતુ ખોલાવી શકાય છે. આવી રીતે અન્ય રકમ જમા કરવા કે ઉપાડવા પર પાસબુકમાં તેની નોંધ કરવા જેવી બાબતો તેમજ જમા રકમ જાણવા જેવી બાબતોનાં સંદર્ભમાં પ્રશ્નો પૂછો અને તેની ચર્ચા કરો.

- ATM કાર્ડની સંક્ષિપ્ત માહિતી

ATM એ બેંકમાંથી પૈસા ઉપાડવા માટે તેમજ જમા કરવા માટેનુ એક ઈલેક્ટ્રોનિક કાર્ડ છે, જેની મદદથી તમે ગમે ત્યાં, ગમે ત્યારે રોકડ ઉપાડી શકો છો અને બેંક ખાતાની લેવડદેવડ પણ જાણી શકાય છે. પૈસાની લેવડદેવડ સંબંધિત કોઈપણ સમસ્યાના નિરાકરણ માટે બેંકનો જ સંપર્ક કરવો જોઈએ. એ.ટી.એમ. કાર્ડમાંથી પૈસા ઉપાડવા માટે એ.ટી.એમ. મશીનનો ઉપયોગ થાય છે.





- યાદ રાખો

⇒ ચેકની માન્યતા નિશ્ચિત તારીખથી 3 મહિના માટે માન્ય હોય છે. ક્રોસ ચેક ફક્ત ખાતાધારકના ખાતામાં જ ચૂકવવાપાત્ર છે.

⇒ ક્યારેય કોઈની સાથે શેર કરશો નહીં

1. ઓટીપી 2. પીન 3. સી.વી.વી. 4. ખાતાની માહિતી
5. વ્યક્તિગત માહિતી

⇒ KYC શું હોય છે?

- KYC (તમારા ગ્રાહકને જાણો) એ એવી પ્રક્રિયા છે જેના દ્વારા બેંક વ્યક્તિની ઓળખ અને સરનામાની ચકાસણી કરે છે. હવે આધારકાર્ડથી પણ KYC કરી શકાશે.
- KYC માટે જરૂરી દસ્તાવેજો

1. પાનકાર્ડ 2. વીજળીનું બિલ 3. આધારકાર્ડ 4. રહેણાંકનું સરનામું

- વાંચો અને લખો

નીચે નાણાકીય સાક્ષરતા અને બેંકને લગતી કેટલીક મહત્વપૂર્ણ બાબતો છે, તે વાંચો.

- નાણાકીય સાક્ષરતાનો અર્થ શું છે?
  - રૂપિયો – પૈસાની બચત અને ખર્ચ વચ્ચે સંતુલન સમજવું.
  - બચત પ્રત્યે જાગૃત રહેવું.
- તમે શું કરી શકો ?
  - આવક, ખર્ચ અને બચતનો હિસાબ રાખો.
  - બિનજરૂરી ખર્ચ ટાળો.
  - બચત કરવાની ટેવ પાડો.
  - બેંક અથવા પોસ્ટઓફિસમાં ખાતું ખોલો.
  - તમારી બચત યોગ્ય જગ્યાએ મૂકો.
- નાણાકીય સાક્ષર બનવાના ફાયદા શું છે?
  - ભવિષ્યના ખર્ચાઓને પહોંચી વળવા માટે અગાઉથી તૈયાર રહો.
  - ખર્ચ પર નિયંત્રણ આવશે.
  - તમે સમજદારીપૂર્વક ખર્ચ કરી શકો છો.
  - તમારી જરૂરિયાતોને જાણી શકશો.
- બેંકમાં ખાતું ખોલાવવાના ફાયદા
  - તમે બેંક ખાતામાં તમારી બચત સુરક્ષિત રીતે જમા કરાવી શકો છો.
  - જમા રકમ પર વ્યાજ મેળવી શકો છો.
  - જ્યારે જરૂર પડે ત્યારે તમે જમા રકમ ઉપાડી શકો છો.
- નીચેનામાંથી કયું બેંકમાં ખાતું ખોલાવવા માટે જરૂરી છે, તેના પર (✓)નું ચિહ્ન કરો.
  - ફોટો
  - આધારકાર્ડ
  - પાનકાર્ડ
  - મતદારકાર્ડ
- બેંકમાં ખાતું ખોલાવ્યા પછી તમને બેંકમાંથી શું શું મળશે?
  - ચેકબુક
  - પાસબુક
  - ડેબિટ રુપે કાર્ડ (એટીએમ કાર્ડ)

- ભીમ એપ (BHIM)

ભીમ એપ (BHIM) એ પૈસાની લેવડદેવડ માટેની મોબાઇલ એપ છે. તેને ઈ –પેમેન્ટ પણ કહેવામાં આવે છે. તેના દ્વારા તમે તમારા મોબાઈલથી પૈસાની લેવડદેવડ કરી શકો છો.

- તમે દૂર બેઠેલા વ્યક્તિને પૈસા મોકલી શકો છો.
- બાળકો શાળાની ફી ભરી શકે છે.
- તમે વીજળી બિલ ચૂકવી શકો છો.
- તમે કરિયાણાની દુકાનવાળાને પૈસા આપી શકો છો.
- તમે લોન ચૂકવી શકો છો.



સૌથી પહેલાં તમારે તમારા મોબાઈલમાં BHIM એપ ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરવાની રહેશે. જેમાં તમે હિન્દીની સાથે 12 ભારતીય ભાષાઓમાં કામ કરી શકો છો. આ એપમાં તમે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તેમજ લગભગ 30 અન્ય ભારતીય બેંક ખાતાઓનો ઉપયોગ કરી શકો છો.



- વાંચો અને લખો

નાણાકીય સાક્ષરતા એટલે આવક અને ખર્ચ વચ્ચે નાણાંનો યોગ્ય રીતે તાલમેલ કરવો અને બચત પ્રત્યે જાગૃત રહેવું.

♦ બેંકમાં ખાતું ખોલાવવા માટે નીચેના દસ્તાવેજો જરૂરી હોય છે.

- ફોટો
- આધારકાર્ડ
- મતદારકાર્ડ
- પાનકાર્ડ
- વીજળી બિલ
- રહેઠાણનું સરનામું

♦ ડેબિટકાર્ડ દ્વારા ઘણાં કામ થઇ શકે છે. નીચે કેટલાંક કાર્યોની યાદી આપેલી છે. તમે કેટલાંક કાર્યોનાં નામ લખો.

- ખરીદી
- કરિયાણું
- ઓનલાઈન ખરીદી
- ટિકિટ બુકિંગ
- હોટેલ બુકિંગ
- ઓનલાઈન પેમેન્ટ
- સ્કૂલ ફી ચૂકવી શકે છો .
- પૈસા ટ્રાન્સફર કરી શકો છો.
- _____
- _____
- _____

- આ ઉપરાંત ડેબિટકાર્ડ દ્વારા તમે શું શું કરી શકો છો તે કહો અને લખો.

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

- **શિક્ષક માટે સૂચના**

'નાણાકીય સાક્ષરતા' વિષય પર વાતચીત કરો. શિક્ષાર્થીઓને પૂછીને આ વિષય સંબંધિત ત્રણ ચાર શબ્દો લખો. આ શબ્દો તેઓની ભાષાનાં પણ હોઇ શકે, જેમકે, 'રૂપિયા' માટે 'નાણાં','પૈસા' વગેરે.

• સાથે વાંચો

દાનનો હિસાબ



એક રાજા હતો. તે ખૂબ સ્વાર્થી હતો. તે પોતાની ખુશી માટે હજારોનો ખર્ચ કરતો પરંતુ તેની મુઠ્ઠી તેની પ્રજા માટે બંધ થઇ જતી હતી.

એકવાર દુકાળ પડ્યો. લોકો મદદ માટે રાજા પાસે ગયા, "મહારાજ, અનાજ ખરીદવા માટે થોડું ધન આપો." પણ રાજાએ પૈસા આપવાની ના પાડી. તેણે કહ્યું, "આજે લોકો દુકાળથી



પરેશાન છે. આવતીકાલે ભૂકંપ આવી શકે છે. આ રીતે દરેકને મદદ કરતી વખતે રાજ્યનો ભંડાર ખાલી થઈ જશે. પછી મારી પાસે કંઈ બચશે નહીં." લોકો નિરાશ થઈને પાછા ફર્યા.

સમય પસાર થતો ગયો. દુકાળનો પ્રકોપ વધ્યો. હજારો લોકો ભૂખે મરવા લાગ્યા. લોકોએ વારંવાર રાજા પાસે મદદ માંગી. પણ રાજા ટસના મસ ન થયા.



થોડા દિવસો પછી એક સંન્યાસી દરબારમાં આવ્યા. તેણે કહ્યું, "મહારાજ! હું દૂરથી આવ્યો છું. મેં તમારું નામ ઘણું સાંભળ્યું છે. તમે મારી મનોકામના પૂર્ણ કરી આપો."

વખાણ સાંભળીને રાજા પ્રસન્ન થઇ ગયા. તેણે કહ્યું, "મને કહો, તમારે શું જોઈએ છે?" સંન્યાસીએ કહ્યું, "મારે વીસ દિવસ માટે થોડી ભિક્ષા લેવી છે, પણ મારો ભિક્ષાનો નિયમ છે. હું જે પહેલે દિવસે લઉં, બીજા દિવસે તેનાથી બમણું લઉ છું, ત્રીજા દિવસે તેનાથી બમણું, ચોથા દિવસે ત્રીજા દિવસ કરતા બમણું. એ જ રીતે હું દરરોજ બમણું લઉં છું."



રાજાએ કહ્યું, "તમે પહેલા દિવસે કેટલું લેશો?" સંન્યાસીએ કહ્યું, "ફક્ત એક રૂપિયો". રાજા ખુશ થઇ ગયો.

તેણે આદેશ આપ્યો. સંન્યાસીની સૂચના મુજબ તિજોરીમાંથી ભિક્ષા આપવામાં આવે.

15 દિવસ પસાર થઇ ગયા એટલે રાજભંડારી ચોંકી ગયો. દાનમાં ખૂબ જ ધન જઇ રહ્યું હતું. તેણે ગણતરી કરી કે 20 દિવસમાં 10 લાખ 48 હજાર પાંચસો અને 75 રૂપિયા ચૂકવવા પડશે. તેણે આ વાત રાજાને કહી. હિસાબ જોઈને રાજા બેહોશ થઈ ગયો.

દાનનો હિસાબ	
પહેલો દિવસ	1 રૂપિયો
બીજો દિવસ	2 રૂપિયા
ત્રીજો દિવસ	4 રૂપિયા
ચોથો દિવસ	8 રૂપિયા
પાંચમો દિવસ	16 રૂપિયા
છઠ્ઠો દિવસ	32 રૂપિયા
સાતમો દિવસ	64 રૂપિયા
આઠમો દિવસ	128 રૂપિયા
નવમો દિવસ	256 રૂપિયા
દસમો દિવસ	512 રૂપિયા
અગિયારમો દિવસ	1024 રૂપિયા
બારમો દિવસ	2048 રૂપિયા
તેરમો દિવસ	4096 રૂપિયા
ચૌદમો દિવસ	8192 રૂપિયા
પંદરમો દિવસ	16384 રૂપિયા
સોળમો દિવસ	32768 રૂપિયા
સત્તરમો દિવસ	65536 રૂપિયા
અઢારમો દિવસ	131072 રૂપિયા
ઓગણીસમો દિવસ	262144 રૂપિયા
વીસમો દિવસ	524288 રૂપિયા
કુલ	1048575 રૂપિયા

સંન્યાસીને બોલાવવામાં આવ્યા. રાજાએ સંન્યાસીને ભિક્ષાની રકમ ઓછી કરવા વિનંતી કરી.

સંન્યાસીએ કહ્યું, "લોકો દુકાળથી મરી રહ્યા છે. મારે તેમના માટે માત્ર પચાસ હજાર રૂપિયાની જરૂર છે. આ મારી ભિક્ષા હશે!"

રાજાએ ખૂબ વિનંતી કરી. તેણે કહ્યું, "રકમની ઓછી કરો". પરંતુ સંન્યાસી વચન પર અડગ રહ્યા. લાચાર થઈને રાજાએ તેને પચાસ હજાર રૂપિયા આપવા પડ્યા.

આખા દેશમાં સમાચાર ફેલાઈ ગયા કે તિજોરીમાંથી રાહત પેટે પચાસ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે. બધાએ કહ્યું, "આપણા મહારાજા કર્ણ જેવા એક દાનવીર છે."

– સ્રોત– રિમઝિમ, ધોરણ IV. NCERT

- વિચારો અને કહો

નીચે આપેલાં વાક્યોનો ઉપયોગ તમે ક્યારે કરો છે? શોધીને લખો.

પગ તળે જમીન ખસી જવી	દિલ બાગ બાગ થઇ જવું	દિલ ધડકતું રહેવું	લાલ પીળા થવું
ઘી નો દિવો કરવો	લોહી ઉકળવું	ગદ્ગદ થઇ જવું	કાબુમાં ન રહેવું

જ્યારે ખૂબ જ આનંદ થાય ત્યારે	જ્યારે ખૂબ જ મૂશ્કેલી હોય ત્યારે	જ્યારે ખૂબ જ ગુસ્સો આવે ત્યારે

ટિપ્પણી

13

ડિજિટલ સાક્ષરતા

E3Z9V4

આપણે શીખીશું

- ડિજિટલ અંકોની ઓળખ અને લેખન
- ચિત્રમાં દર્શાવેલ અંકોની સમજ
- મોબાઇલ ફોનને લગતી રોજિંદા જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવવો

હવે માર્ગ થયો આસાન

મહિપાલ જામનગરમાં રહે છે. તે ખેતી કરે છે. તેની પાસે લગભગ 8.2 એકર જમીન છે. તેને ત્રણ બાળકો છે. એક દીકરો અને બે દીકરીઓ. ત્રણેય બાળકો શાળામાં અભ્યાસ કરે છે. મહિપાલે માત્ર છઠ્ઠા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો છે. તે ઈચ્છે છે કે તેનાં બાળકો ઘણું ભણે. તેણે અભ્યાસ માટે લોન લઈને મોબાઈલ પણ ખરીદ્યો હતો. મહિપાલ અને તેની પત્ની બાળકોના ઉછેર માટે ખૂબ મહેનત કરે છે. તેણે ગયા વર્ષે ખરીફમાં ડાંગરની ખેતી કરી હતી અને રવિમાં મકાઈની.



મહિપાલે ખેતી શરૂ કરવા માટે સંપૂર્ણ યોજના બનાવી હતી કે કેટલા પૈસાની જરૂર પડશે.

જેમકે, મકાઈના બિયારણની ખરીદી, ખેતર માટે ખાતર, યુરિયા વગેરે. તેને સિંચાઈ માટે વારંવાર પંપ ભાડે લેવા માટે પણ પૈસાની જરૂર હતી. તેણે બે કામદારો પણ રાખવા પડ્યા. મહિપાલે એક બજેટ બનાવ્યું.

તેની પાસે આ બધા માટે એટલા પૈસા નથી જેટલા તેને જોઈએ છે. મહિપાલ અને તેની પત્નીએ નક્કી કર્યું કે તેઓ તેમની છેલ્લા વર્ષની બચત આમાં અને બાકીની રકમ માટે ગ્રામીણ બેંક પાસેથી લોન લેશે.



મહિપાલ આટલા પૈસાનું રોકાણ કરતાં ડરતો હતો કારણ કે તેણે બાળકોના ભણતર અને ઘરના ખર્ચની સાથે મોબાઈલ લોન પણ ચૂકવવાની હતી. મહિપાલ ખૂબ જ સમજદાર છે. તે મોબાઈલનો ઉપયોગ બાળકોના શિક્ષણ માટે પણ કરતો હતો. તેમજ મોબાઈલની મદદથી ભારત સરકારની નવી ખેતીની પદ્ધતિઓ અને યોજનાઓ વિશે જાણ્યું. આ માટે તેણે મોબાઈલમાં આઇ–ખેડૂત, ઈ–ચૌપાલ, ડિજિટલ મંડી ઈન્ડિયા, એમ – કિસાન વગેરે જેવી એપ્સ પણ ડાઉનલોડ કરી. રોજ સાંજે મહિપાલ અને તેનાં બાળકો મોબાઈલ ખોલતાં. તેઓ જોશે કે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવતી મદદ વડે તેઓ તેમની ખેતી કેવી રીતે સુધારી શકે છે.



મહિપાલ આઇ–ખેડૂત એપમાં જોડાયો. અહીં તમે હવામાન, બિયારણ અને ખાતરના ભાવ, અપેક્ષિત વેચાણ કિંમત વગેરે સંબંધિત સલાહ અને માહિતી મેળવી શકો છો. તેના પરથી તેણે ગણતરી કરી કે આ બધું ખરીદવામાં તેને કેટલો ખર્ચ કરવો જોઇએ.

હવે મહિપાલ ઘરે બેસીને મોબાઈલમાંથી તમામ માહિતી મેળવી લેતો હતો. હવામાનની અનિયમિતતા જોતાં, મહિપાલે પાક વીમા મોબાઇલ એપ્લિકેશન પર પણ નોંધણી કરાવી જેથી તેને સૌથી ઓછા ખર્ચે તેના પાકનો વીમો લેવામાં મદદ કરી. કોઈપણ સંજોગોમાં, જો પાક નિષ્ફળ જાય, તો તેને મોટાભાગના પૈસા પાછા મળશે. તે અન્ય ખેડૂતો સાથે વાર્તાલાપ કરવા અને નવા વિચારો જાણવા માટે ।–ખેડૂતમાં પણ જોડાયા. એક દિવસ તે સિંચાઈ માટે પંપ ભાડે લેવા જઈ રહ્યો હતો ત્યારે તેને M-Kisan એપ પરથી ખબર પડી કે આવતા અઠવાડિયે ભારે વરસાદ થવાનો છે.

આ માહિતી મળવાનાં કારણે તેણે પંપ ભાડે ન લીધો અને સમજદારીપૂર્વક પૈસા બચાવ્યા. લણણી સમયે મોબાઇલ પર એલર્ટ આવ્યું કે આગામી થોડા દિવસોમાં જિલ્લામાં ચક્રવાત આવી શકે છે.

વાવાઝોડા અને વરસાદથી પાકને નુકસાન થાય તે પહેલાં મહિપાલે વધુ મજૂરોને કામે રાખીને પોતાનો પાક લણ્યો. મહિપાલે તેના પાકને બચાવવા અને આ સિઝનમાં સારો પાક મેળવવા માટે ખૂબ જ સમજપૂર્વકના નિર્ણયો લીધા.

આ બધું મોબાઈલ પરની એક એપની મદદથી થયું જ્યાં તેણે નિષ્ણાતો અને સ્થાનિક અધિકારીઓની સલાહ લીધી હતી.

મોબાઈલની મદદથી બાળકો પણ સારી રીતે ભણતાં. આ દરમિયાન મહિપાલે આ વર્ષે સારા પાકથી સારી આવક પણ મેળવી છે. તેણે મોબાઈલની લોન પણ ભરપાઈ કરી અને બાળકોના આગળના અભ્યાસ માટે બેંકમાં થોડા પૈસા જમા પણ કરાવ્યા.

- વાતચીત માટે

પ્રશ્ન 1. મહિપાલે રવિમાં કયા પાકનું વાવેતર કર્યું હતું?

પ્રશ્ન 2. મહિપાલને બિયારણ અને ખાતરની વાજબી કિંમત વિશે કેવી રીતે ખબર પડી?

પ્રશ્ન 3. શું મહિપાલે વરસાદની મોસમ પહેલાં સિંચાઈ પંપ ભાડે ન લઈને ભૂલ કરી હતી?

પ્રશ્ન 4. મહિપાલને નિષ્ણાતો પાસેથી હવામાન, વેચાણ અને ખરીદકિંમત વગેરેની માહિતી કેવી રીતે મળી?

પ્રશ્ન 5. કોઈપણ બે એપનાં નામ આપો જેનો ઉપયોગ ખેડૂતો તેમની ખેતી સુધારવા અને સારા પાક મેળવવા માટે કરી શકે.

- મારા શબ્દો

- **શિક્ષક માટે સૂચના**

ડિજિટલ સાક્ષરતા વિષય પર વાતચીત કરો. શિક્ષાર્થીઓ સાથે મોબાઇલનો રોજિંદો ઉપયોગ કરવા પર વાર્તાલાપ કરો. મોબાઇલના વિવિધ ઉપયોગ પર ચર્ચા કરો.

- ડિજિટલ સંખ્યાઓ

તમે પૈસા ઉપાડવા બેંકમાં જાઓ છો. બેંકમાં તમને ટોકન આપવામાં આવે છે. તમારો 12 નંબર બારી પરના મશીનમાં આના જેવો દેખાય છે.



રેલવેસ્ટેશન પર ટ્રેન નંબર, પ્લેટફોર્મ નંબર જોવા માટે પણ આવા પ્રકારના

ટ્રેન નંબર	ટ્રેનનું નામ	પ્લેટફોર્મ નંબર
12398	મહાબોધિ એક્સપ્રેસ	8
12429	રાજધાની એક્સપ્રેસ	5

આ મુજબ માર્કેટમાં કિંમત જોવા, તાપમાન જોવા, મેટ્રો સ્ટેશન વગેરે પર આવા આંકડા સ્ક્રીન પર પ્રદર્શિત થાય છે.

તમારા કેલ્ક્યુલેટરની સ્ક્રીન પર પણ આવા પ્રકારના અંકો જોવા મળે છે. તમારા માટે અંકોની રચના ઓળખવી મહત્ત્વપૂર્ણ છે.

0 1 2 3 4 5 6 7 8 9

સ્ક્રીન પર આવા પ્રકારની બનાવટના અંકો પ્રદર્શિત થાય છે.

જો તમારો ટોકન નંબર એકસો ત્રેવીસ છે તો તે સ્ક્રીન પર કેવી રીતે દેખાશે તે જણાવો.



- **શિક્ષક માટે સૂચના**

શિક્ષાર્થીઓને ડિજિટલ અંકોનો પરિચય કરાવો. તેમને એવી પરિસ્થિતિ આપો કે જેમાં તેઓને ડિજિટલ આંકડાઓનું વાંચન અને લેખન કરવાનું હોય.

તમે તમારા પાકની ઉપજને બીજાના પાક સાથે સરખાવો અથવા તમારા ઘઉંની ઉપજને પાછલા વર્ષની ઉપજ સાથે સરખાવો તો આવી સરખામણી કરવા માટે ચિત્રો ખૂબ જ ઉપયોગી છે.

ગીતા– "અરે વાહ! મારી પાસે ઘઉંની 1 ગુણી વધારે છે."

ગીતાને જોયા પછી કેવી રીતે ખબર પડી?




ગીતાના ૬ ગુણી ઘઉં



માયાના ૫ ગુણી ઘઉં

ગીતાને એ જાણવું હતું કે કઈ પાર્ટી સરકાર બનાવશે. ગીતા ટીવી પર ચૂંટણીનાં પરિણામોને લગતા સમાચાર જોઇ રહી હતી. જ્યારે ચૂંટણીનાં પરિણામો આવે છે ત્યારે નીચે મુજબનાં ચિત્રો દ્વારા તેને દર્શાવવામાં આવતાં હોય છે. જેનાથી સમજી શકાય છે કે કઈ પાર્ટીને વધુ સીટો મળી છે.



ચિત્ર જુઓ અને કહો

- કઈ પાર્ટીને સૌથી વધુ બેઠકો મળી છે?
- કઈ પાર્ટીને સૌથી ઓછી બેઠકો મળી છે?

આવી જ રીતે, આપણે આપણી આસપાસ જોઈને અન્ય માહિતી એકત્રિત કરતા રહીએ છીએ.


ગીતાએ પોતાના ખેતરમાં ફળનાં ઝાડ પણ વાવ્યાં છે.

ચિત્ર જુઓ અને જણાવો કે :



- ખેતરના _____ ભાગમાં આંબાનાં ઝાડ વાવવામાં આવ્યાં છે.
- ખેતરના _____ ભાગમાં જામફળનાં ઝાડ વાવવામાં આવ્યાં છે.
- ખેતરના _____ ભાગમાં લીંબુનાં ઝાડ વાવવામાં આવ્યાં છે.

ગીતા ટીવી પર ટી–20 ક્રિકેટ મેચ જોઈ રહી છે. છેલ્લી છ ઓવરમાં બનાવેલા રનની સંખ્યા આકૃતિમાં દર્શાવવામાં આવી છે.



ચિત્ર જુઓ અને જણાવો કે –

પ્રશ્ન 1. કઈ ઓવરમાં સૌથી વધુ રન બન્યા છે? તમને એવું કેમ લાગે છે?

પ્રશ્ન 2. કઈ ઓવરમાં સૌથી ઓછા રન બન્યા છે?

પ્રશ્ન 3. કઈ ઓવરમાં 10 રન બન્યા છે?

પ્રશ્ન 4. 15મી ઓવરમાં કેટલા રન બન્યા છે?

મેચ જોયા પછી ગીતા પોતાના મોબાઇલમાં રિચાર્જ કરાવવા માટે એક દુકાન પર ગઇ. તેણે નીચે આપેલા પ્લાનમાંથી કોઇ એક પ્લાન પસંદ કરવાનો હતો. નીચે આપેલા પ્લાનમાં તેની કિંમત અને વેલીડીટી આપેલી છે.

પ્લાન	155 રૂપિયા	179 રૂપિયા	479 રૂપિયા
વેલીડીટી	24 દિવસ	28 દિવસ	56 દિવસ

(ક) કયું રિચાર્જ ગીતા માટે ફાયદાકારક રહેશે?

(ખ) જો ગીતાએ 179 રૂપિયાનું રિચાર્જ કરાવ્યુ અને દુકાનદારને તેણે 500 રૂપિયાની નોટ આપી તો તેને કેટલા રૂપિયા પરત મળશે?

(ગ) ગીતાએ 18 માર્ચના દિવસે રિચાર્જ કરાવ્યું અને તે પ્લાનની વેલીડીટી 28 દિવસની હતી તો તેણે હવે પછીનું રિચાર્જ ક્યારે કરવાનું થશે?





મોબાઇલની દુનિયા



નિશાએ તેના પપ્પાના બેંક ખાતાને મોબાઈલ નંબર સાથે લિંક કરાવી દીધું હતું. તેણે પપ્પાને ફોન પર વીજળીનું બિલ ભરવાનું અને ફોન રિચાર્જ કરવાનું શીખવ્યું હતું. તેના પપ્પા ફોન દ્વારા તેમના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરી તમામ પ્રકારનાં બિલ ભરી શકતા હતા. આથી, પપ્પાને ઓફિસો અને દુકાનોમાં જવાની ઝંઝટનો અંત આવ્યો હતો. રજાઓ પછી નિશા શહેરમાં ગઈ. તે ત્યાં અભ્યાસ કરતી હતી. ક્યારેક તે પોતાની કોલેજના ફોટા તો ક્યારેક વીડિયો પપ્પાને મોકલતી. પપ્પા ઉત્સુકતાથી તે ફોટા અને વીડિઓ જોતા. વોટ્સએપ પર મેસેજ લખીને પોતાનો અભિપ્રાય પણ આપતા. તેના પપ્પા હવે સંદેશ માટે પત્રોને બદલે ઈ–મેઈલનો ઉપયોગ કરતા હતા. આથી, ટપાલ અને સમય બંનેની બચત થઈ. એક દિવસ નિશાએ તેના પપ્પાને વીડિયો કોલ કર્યો. પપ્પાએ કહ્યું, "હવે હું યુટ્યુબ પર લોકગીતો સાંભળીને જ ઊંઘુ છું. અને હા, યુટ્યુબ પર તમામ ન્યૂઝ ચેનલો પણ જોવા મળે છે. "

નિશાએ કહ્યું, "વાહ પપ્પા! તમે તો હાઈટેક થઈ ગયા છો! તે સારી વાત છે. પપ્પા, મને એક વાત તો કહો, શું કોઈએ ક્યારેય તમને તમારા ATM કાર્ડનો નંબર પૂછ્યો છે?"

પપ્પાએ કહ્યું, " હા, મારી પાસે માગ્યો હતો, પણ મેં આપ્યો નહિ. ત્યાર પછી તે એ.ટી.એમ.નો પીન પણ પૂછી લેત અને મારા ખાતામાંથી તમામ પૈસા નીકળી જાત. પણ હું છેતરાયો નહીં.

નિશાએ કહ્યું, "શાબાશ પપ્પા ! હવે તમે પણ સાયબર ચોરોથી બચતાં શીખી ગયા છો.

“શહેરમાં ક્યાંય પણ આવવા જવાનું થાય તો કેબ અથવા મોટરસાઇકલ બૂક કરાવી લેજો. જરૂરી પુસ્તકો મંગાવવા માટે પણ હવે મોબાઇલથી જ ઓર્ડર થઇ શકે છે. ઘણી બધી એપ્સ ઉપલબ્ધ છે. ગૂગલ પર સર્ચ કરીશ તો તને બધું મળી જશે. ઈ–લાઈબ્રેરી પર પુસ્તકો સર્ચ કરીને વાંચી શકાય છે." પપ્પાએ ખૂબ જ ખુશીથી સમજણ આપતાં દીકરીને કહ્યું.

પપ્પા મોબાઈલ વિશે વધુ જાણકાર બની ગયા છે એ વિચારીને નિશા હસી પડી.

ત્યારબાદ નિશાએ વીડિયોકોલ પર જ પપ્પાને તેની કોલેજ બતાવી. પપ્પાએ પણ નિશાને ઘઉંનું ખેતર બતાવ્યું અને તળાવ બતાવ્યું કે, જેમાં પાણી ઘણું ઓછું થઈ ગયું હતું. ત્યાં બગલો અને સારસ ભેજવાળી જમીન પર ચાલતા હતા.

પપ્પાને લાગ્યું કે તે શહેરમાં તેની પુત્રી સાથે જ છે. ક્ષણભર માટે નિશાને પણ લાગ્યું કે તે તેના ગામના તળાવ અને ખેતરોમાં પહોંચી ગઈ છે.

– પ્રભાત

- વાતચીત માટે

પ્રશ્ન 1. નિશાએ મોબાઈલ પર પપ્પાને શું શું શીખવ્યું?

પ્રશ્ન 2. પપ્પાએ નિશાને મોબાઈલના ઉપયોગ વિશે શું શીખવ્યું?

પ્રશ્ન 3. મોબાઈલે પપ્પા અને નિશા વચ્ચેનું અંતર કેવી રીતે દૂર કર્યું? શું તમને પણ એવું લાગ્યું છે કે તમે મોબાઈલનો ઉપયોગ કરીને તમારા સગા–સંબંધીઓ સાથેનું અંતર ઘટાડી શક્યાં છો? જો હા, તો તમે દરેકને આ બાબતની માહિતી આપો.

પ્રશ્ન 4. ઓનલાઇન છેતરપિંડીની ઘટનાઓ મોબાઈલ પર સાંભળવા મળે છે. આનાથી બચવા આપણે શું સાવચેતી રાખવી જોઈએ?

- વાંચો, કહો અને લખો.

નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :

પ્રશ્ન 1. મોબાઈલના શું શું ફાયદાઓ છે?

.....

.....

.....

પ્રશ્ન 2. મોબાઈલનો ઉપયોગ કરતી વખતે તમે કઈ બાબતોનું ધ્યાન રાખો છો?

.....

.....

.....

પ્રશ્ન ૩. નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબ પર ખરા (✓) ની નિશાની કરો.
મોબાઇલ દ્વારા શાની લેવડદેવડ થઇ શકે છે?

રૂપિયાની ☐

સંદેશાની ☐

ફોટાની ☐

આ ત્રણેયની ☐

♦ તમે તમારા મોબાઇલનો ઉપયોગ કયાં કયાં કામ માટે કરો છો? એક યાદી તૈયાર કરો.

.....

.....

.....

♦ કોઇ એવો અનુભવ જણાવો કે જેમાં તમને મોબાઇલના કારણે કોઇ કામમાં સુવિધા થઇ હોય.

.....


.....

.....

- મોબાઈલના કેટલાક અન્ય ઉપયોગ
  - SMS થી સંદેશ મોકલવામાં આવે છે.
  - કેલ્ક્યુલેટરની મદદથી હિસાબ કરી શકાય છે.
  - એલાર્મ ઘડિયાળ સેટ કરી શકાય છે.
  - કેલેન્ડર જોઈ શકાય છે.
  - સ્ટેપવોક ચેક કરી શકાય છે એટલે કે તમે કેટલા દૂર સુધી પગે ચાલીને જાઓ છો તે પણ જાણી શકાય છે.
  - મોબાઈલ દ્વારા ઓનલાઈન અભ્યાસ કરવામાં આવે છે. તેમાં કેટલીક વિશેષ એપ્લિકેશન હોય છે જેના દ્વારા સીધા જ વર્ગમાં જોડાઈ શકીએ છીએ, જેમકે ઝૂમમીટીંગ, ગુગલમીટ, માઈક્રોસોફ્ટ ટીમ્સ વગેરે. આ એપ્લિકેશનમાં તમારે અગાઉથી જ રજિસ્ટ્રેશન કરવાનું હોય છે.
  - જી.પી.એસ. લોકેશનના માધ્યમ દ્વારા સાચી દિશા જાણી શકાય છે તેમજ રસ્તાનો પણ ખ્યાલ આવે છે.
  - જુદા જુદા પ્રકારની રમતો રમી શકાય છે.
  - ફેસબુકનો ઉપયોગ કરી શકાય છે.
  - રેડિયો સાંભળી શકાય છે.
  - ઓડિયો એટલે કે અવાજ રેકોર્ડ કરી શકાય છે. (ગીતો ગાઈને અથવા વાર્તા સંભળાવીને) વીડિયો બનાવી શકાય છે.
  - તાપમાન ચકાસી શકાય છે.
  - આપણી આસપાસનાં હોટેલ, દવાખાનાં, શાળા, રેલવે સ્ટેશન, પાર્ક વગેરેની માહિતી મેળવી શકાય છે.

- જુઓ, વાંચો અને વાતચીત કરો.

તમે તમારા મોબાઇલમાં આમાંથી શાનો ઉપયોગ કરો છે? ખરા (✓) ની નિશાની કરો.



ઘડિયાળ



કેલેન્ડર



વોટ્સઅપ



એસ.એમ.એસ




કેલ્ક્યુલેટર



ગુગલ મેપ



યુ–ટ્યુબ



ઈ મેઈલ



ફેસબૂક



સંપર્ક નંબર



દીક્ષા




ટોર્ચ


શિક્ષક માટે સુચના


શિક્ષાર્થીઓ સાથે એક એક કરીને આપેલા ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રોની નીચે લખેલા શબ્દો વંચાવો. તેમના ઉપયોગ વિશે વાતચીત કરો. કેટલાક શિક્ષાર્થીઓ તેમના ઉપયોગથી પરિચિત ન હોય તેવું બની શકે.

- જાણકારી માટે


सायबर सुरक्षाना
नियमोनी नानी चोपडी
CC-by-NC-SA


અઠવાડિયું
1
હેલ્પલાઇન નંબર
1930
મફત
મફતમાં મળતા સૉફ્ટવેરથી
સાવધાન રહો.
ફરિયાદ માટે:
https://cybercrime.gov.in
શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન:
https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en


અઠવાડિયું
5
હેલ્પલાઇન નંબર
1930
PASSWORD
પોતાના પિન/ઓટીપી/
ખાતાની જાણકારી કયારેય કોઇ
અજાણી વ્યક્તિને ન આપવી.
ફરિયાદ માટે:
https://cybercrime.gov.in
શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન:
https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en


અઠવાડિયું
7
હેલ્પલાઇન નંબર
1930
Password
***
પાસવર્ડ યાદ રાખવા માટે
તમારું મગજ જ સૌથી સારી
જગ્યા છે.
ફરિયાદ માટે:
https://cybercrime.gov.in
શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન:
https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
10

હેલ્પલાઇન નંબર
1930



સ્પામ સંદેશામાં આવેલ લિંક ન ખોલો.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
11

હેલ્પલાઇન નંબર
1930



તમે જે ઓનલાઇન વાંચો છો તે બધી બાબતો પર વિશ્વાસ ન કરો.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
14

હેલ્પલાઇન નંબર
1930



વ્યક્તિગત ફોટા ઓનલાઇન મૂકતાં પહેલાં બે વાર વિચારવું.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
20

હેલ્પલાઇન નંબર
1930



જો તમે કોઇ સાયબર ક્રાઇમના ભોગ બનો છો તો તરત જ રીપોર્ટ કરો.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=book-let-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
24

હેલ્પલાઇન નંબર
1930




પોતાના મોબાઈલને ક્યારેય કોઈ અપરિચિત વ્યક્તિઓને આપવો નહીં.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=booklet-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
28

હેલ્પલાઇન નંબર
1930




સાયબર કાયદાથી માહિતગાર રહો અને ઓનલાઇન રહો ત્યારે તેનું પાલન કરો.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=booklet-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
38

હેલ્પલાઇન નંબર
1930



ઇન્ટરનેટ પર ક્યારેય કોઇને પણ વ્યક્તિગત જાણકારી આપવી નહી.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=booklet-on-cyber-safetysecurity&ln=en&ln=en

અઠવાડિયું
43

હેલ્પલાઇન નંબર
1930



તમને ભેટ આપવાનો વાયદો કરવાવાળી મફત ઓનલાઇન ઓફરથી સાવધાન રહો.

ફરિયાદ માટે: https://cybercrime.gov.in

શાળા પ્રણાલી માટેનું માર્ગદર્શન: https://ciet.nic.in/pages.php?id=booklet-on-cyber-safetysecurity&ln=en&ln=en

શિક્ષક માટે સુચના

આપેલાં ચિત્રોના આધારે શિક્ષાર્થીઓને સાયબર સુરક્ષા વિશે જાગૃત કરો. શિક્ષાર્થીઓ સાથે ‘નેટીકેટ’ (ઇન્ટરનેટ શિષ્ટાચાર) ના વ્યવહાર પર વાર્તાલાપ કરો.

વર્ણમાળા

અ આ ઇ ઈ ઉ ઊ ઋ એ ઐ ઓ ઔ

ક ખ ગ ઘ ઙ

ચ છ જ ઝ

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન


પ ફ બ ભ મ


ય ર લ વ


શ ષ સ હ ળ


ક્ષ ત્ર જ્ઞ શ્ર


I8A1C2 L7F8I1 H1K6R7 D9Z3Z2


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 1


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 2


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 3


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 4


કવિતા
પાઠ